અપીલ અરજી નં.૨૫૧ તા.૧૫–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અજયકુમાર શર્મા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ડીઝાઈન(સાયન્સ સેન્ટર)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજયકુમાર શર્માની તા.૩૧–૮–૧૦ ની અરજીથી (૧)સુરત મહાનગરપાલિકા ધ્વારા સીટી લાઈટ વિસ્તારમાં જાહે રજનતા માટે ખાણી પીણી માટે કેન્ટીનો ખુલ્લી મુકવામાં આવી છે ત્રણ પ્રકારના બોર્ડ તળે ચાલી રહેલ છે સાયન્સ સેન્ટરમાં આપવામાં આવેલી કેન્ટીનનો કોન્ટ્રાકટ માટે પાલિકાના કયા નિયમો આધિન કોન્ટ્રાકટ ઉપર આપવાનું નકકી કરવામાં આવ્યું. તેની સંપૂર્ણ વિગતો મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૫૧/૨૦૧૦–૧૧

શ્રી અજયકુમાર શર્માની તા.૩૧–૮–૧૦ ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકા ધ્વારા સીટી લાઈટ વિસ્તારમાં જાહેર જનતા માટે ખાણી પીણી માટે કેન્ટીનો ખુલ્લી મુકવામાં આવી છે ત્રણ પ્રકારના બોર્ડ તળે ચાલી રહેલ છે સાયન્સ સેન્ટરમાં આપવામાં આવેલી કેન્ટીનનો કોન્ટ્રાકટ માટે પાલિકાના કયા નિયમો આધિન કોન્ટ્રાકટ ઉપર આપવાનું નકકી કરવામાં આવ્યું. તેની સંપૂર્ણ વિગતો મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૭૫ તા.૨૪–૧૧–૧૦ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની નકલ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલ ડીઝાઈન ડીપાર્ટમેન્ટ (સાયન્સ સેન્ટર) પત્ર નં.સીડીડી/એસસી/આ.નં.૨૫૧ તા.૬–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મૂળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી કયુરેટર સાયન્સ સેન્ટરને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૭૫૬ તા.૪–૯–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તથા તત્કાલીન એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સીડીડી/એસસી/આ.નં.૨૦૪ તા.૧૪–૧૦–૧૦ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, તથા અરજદાર તરફથી તા.૨૫–૧૧–૧૦ ના પત્ર સાથે પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજી ફી ભર્યાની રસીદ, જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની નકલ, સુરત મહાનગરપાલિકાએ કરેલ લીઝ ડીડની નકલ, રજુ કરેલ છે.

અરજદારની તા.૩૧–૮–૧૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક /૭૫૬ તા.૪–૯–૧૦ થી કયુરેટર શ્રી સાયન્સ સેન્ટર ખાતે તબદીલ કરવામાં આવેલ. અરજદાર તરફથી સાયન્સ સેન્ટર પ્રોજેકટ ખાતે કેન્ટીન કોન્ટ્રાકટ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી પત્ર નં.સીડીડી/એસસી/૨૦૪ તા.૧૪–૧૦–૧૦ ના પત્રથી માહિતી આપવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે માહિતી અધૂરી આપવાના કારણે તા.૧૫–૧૧–૧૦ ના રોજ નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અરજીના મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકા ધ્વારા સીટી લાઈટ વિસ્તારમાં જાહેર જનતા માટે ખાણી પીણી માટે કેન્ટીનો ખુલ્લી મુકવામાં આવી છે ત્રણ પ્રકારના બોર્ડ તળે ચાલી રહેલ છે સાયન્સ સેન્ટરમાં આપવામાં આવેલી કેન્ટીનનો કોન્ટ્રાકટ માટે પાલિકાના કયા નિયમો આધિન કોન્ટ્રાકટ ઉપર આપવાનું નકકી કરવામાં આવ્યું. તેની સંપૂર્ણ વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સીટી લાઈટ વિસ્તારમાં સાયન્સ સેન્ટર પ્રોજેકટ માટે જાહેર જનતા માટે ખાણીપીણી માટે રેસ્ટોરન્ટ ખુલ્લી મુકવામાં આવેલ છે જેમાં ભાડેથી આપવા માટે થયેલ કરાર મુજબ રેસ્ટોરન્ટ ભાડે રાખનાર એજન્સી અન્ય કોઈ પણ એજન્સીને ફ્રેન્ચાઈઝી આપી શકે છે. જે મુજબ હાલમાં આ રેસ્ટોરન્ટ અલગ અલગ ત્રણ નામોથી કાર્યરત છે. " તેવું જણાવેલ છે. મુદા નં.(૨) હાલમાં હયાત કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ આપવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે કે કેમ? જો હા હોય તો તેને લાગતી સંપૂર્ણ માહિતી (પેપર આઉટ નોટીસ બોર્ડની કોપી સાથે) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલનો હયાત કોન્ટ્રાકટને કોન્ટ્રાકટ આપવા માટે સાયન્સ સેન્ટરથી સક્ષમ સત્તાની મંજુરી મેળવી આ ક્ષેત્રે ખ્યાતનામ એવી જુદી જુદી સાત એજન્સીઓ પાસેથી રેસ્ટોરન્ટ ભાડેથી ચલાવવા માટેના ભાવો મંગાવવામાં આવેલ. જે ભાવો આવ્યેથી સ્થા. સમિતિની મંજુરી મેળવી સૌથી ઉંચા ભાવની ઓફર આપનાર એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે." તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ હાલમાં હયાત કોન્ટ્રાકટને કેન્ટીનનો કોન્ટ્રાકટ આપ્યો છે તો તેની સાથે કરવામાં આવેલ કોન્ટ્રાકટ કોપીની

નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેસ્ટોરન્ટ ભાડે રાખનાર એજન્સી સાથે સુમપા ધ્વારા કરવામાં આવેલ કોન્ટ્રાકટની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે અરજદારે અપીલ તબકકે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં માહિતી અંગે અધૂરી વિગતોની રજૂઆત કરેલ છે. પરંતુ કઈ માહિતીમાં કઈ વિગતો અધૂરી છે તેવી અપીલ તબકકે કે પૂરક વિગતોમાં અરજદારે કોઈ સ્પષ્ટતા કરેલ નથી કે આધાર રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ માહિતી જોતાં મુદ્દા નં.૧ અને ૩ અંગે કોઈ તકરારી મુદ્દો જણાતો નથી. કારણ કે અરજદારે જ રજૂ કરેલ કોન્ટ્રાકટની નકલમાં તેનો શરતોનો સમાવેશ થઈ જાય છે. મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારીએ ટેન્ડર બહાર પાડેલ છે કે કેમ? જો હા હોય તો તેની નોટીસની નકલ પૂરી પાડેલ નથી પરંતુ ભાવો મંગાવેલ હોવાનું જણાવેલ છે. આમ ટેન્ડર મંગાવવા વિશેની આંશિક માહિતી પૂરી પાડેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ની નહીં પૂરી પડાયેલ ટેન્ડરને લગતી દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ડીઝાઈન અને સીટી એન્જીનીયરને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ડીઝાઈન(સાયન્સ સેન્ટર)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અજયકુમાર શર્મા ,